Gujarat Samachar Pg 5, 02nd March 2022

# ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫નું બિટબીએનએસ એક્સચેન્જ પર એપ્રિલથી ટ્રેડિંગ શરૂ થશે

મુંબઈ, તા. ૧ : વૈશ્વિક સુપર એપ - ક્રીપ્ટોવાયર અને ભારતમાં ક્રીપ્ટોકરન્સીના અગ્રણી એક્સચેન્જ - બિટબીએનએસ વચ્ચે આઈસી૧૫ના ટ્રેડિંગ સંબંધે કરાર થયા છે. આઈસી૧૫ એ ક્રીપ્ટોવાયરે ગત ત્રીજી જાન્યુઆરીના રોજ લોન્ચ કરેલો ભારતનો પ્રથમ વૈશ્વિક ક્રીપ્ટોકરન્સી ઈન્ડેક્સ છે.

બિટબીએનએસ એક્સચેન્જ પર આઈસી૧૫નું ટ્રેડિંગ આવતા નાણાકીય વર્ષથી એપ્રિલના પ્રથમ સપ્તાહથી શરૂ થશે.

ક્રીપ્ટોવાયરે ભારતનો પ્રથમ વૈશ્વિક ઈન્ડેક્સ શરૂ કરવા ઉપરાંત હવે ઈન્ડેક્સના ટ્રેડિંગની નવી પહેલ કરી છે. વ્યક્તિઓ અને સંસ્થાઓને કોઈ એક કરન્સીમાં ટ્રેડિંગ કરવામાં જે જોખમ હોય એની તુલનાએ સમગ્ર માર્કેટને આવરી લેનારા ઈન્ડેક્સમાં કરાતા ટ્રેડિંગમાં જોખમ ઓછું હોય છે. એટલું જ નહીં, ઈન્ડેક્સમાં ટ્રેડિંગ કરવાથી પ્રવાહિતાને લગતું જોખમ પણ ઘટી જશે. બિટબીએનએસ એક્સચેન્જના આશરે ૪૦ લાખ યુઝર્સને આઈસી૧૫માં ટ્રેડિંગ કરવાનો લાભ મળશે એવું ઉક્ત કરાર સંબંધે ક્રીપ્ટોવાયરના એમડી-સીઈઓ જોસેફ મેસીએ કહ્યું હતું.